ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૩-૨૦૧૩, રવિવાર

## તંત્રી સ્થાનેથી.....

### ઉભય પક્ષે રાજહઠનું વરવું પ્રદર્શન

મુખ્યમંત્રીની ગુડબુકમાં ન હોય એવા નિવૃત્ત ન્યાયમૂર્તિને લોકાયુક્ત તરીકે નીમી ગુજરાતમાં ગાંધીવાદી રાજયપાલ મહોદયા બિનજરૂરી વિવાદમાં સપડાઇ ગયાં હતાં અને એમની નિષ્કલંક રાજકીય કારકિર્દી પર કીચડ ઉછાળવાના ઘૃણાસ્પદ પ્રયત્નો થયા હતા, તે વર્તમાન ગુજરાતના ઇતિહાસની એક કડવી ઘટના છે. જસ્ટિસ મહેતાને લોકાયુક્ત તરીકે નિમણૂક મળ્યા પછી સતત એક યા બીજી રીતે અપમાનિત થવું પડ્યું છે : સરકારને તમે નથી ગમતા અને છતાં રાજયપાલ કે ન્યાયપાલિકા વિરોધ પક્ષની અનુમતિથી તમને એ પદ પર બેસાડી લોકપ્રિય સરકારને નીચાજોણું કરાવવા કૃતસંકલ્પ છે. કોઇ પણ સ્વમાની નાગરિક આવી જવાબદારી અને હોદ્દાથી નવ ગજના નમસ્કાર કરવાનું જ પસંદ કરે. જસ્ટિસ મહેતાએ અકળ મૌન ધારણ કરવાને બદલે ચોખ્ખી ગુજરાતીમાં સંભળાવી દેવાની જરૂર હતી કે જે સરકારને હું દીઠો ન ગમતો હોઉં એનાં આશ્રયે ચાલતી લોકાયુક્ત પ્રણાલી સાથે જોડાઇ હું આ પાકટ ઉંમરે મારા મનની શાંતિ જોખમાવા દેવા માગતો નથી. રાજયપાલશ્રી એ મારી નિમણૂંક કરી એ બદલ એમનો આભાર. હવે બહુ થયું. ‘મુઝે મેરે હાલ પે છોડ દો.’ પરંતુ જસ્ટિસ મહેતાએ મગનું નામ મરી પાડવાનું પસંદ કર્યું નથી તો સામે પક્ષે મોદી સરકારને એ ધોળા ધર્મે ખપતા નથી. કાનૂનવિદોને કામે લગાડી એ યેનકેન પ્રકારેણ મહેતા નામનો કાંટો જડમૂળથી ઉખાડી નાખવા કૃત સંકલ્પ છે. એ માટે સરકારે શરમજનક કહી શકાય એવા ઉધામા કર્યા છે અને પોતાનાં પગલાંને વાજબી ગણાવવા વાહિયાત દલીલો કરે રાખી છે. સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદા પર કરેલી ‘રિવ્યુ પિટીશન’ ફગાવી દેવાયા પછી પણ સરકાર જસ્ટિસ મહેતાને લોકાયુક્તની ખુરશીથી વેગળા રાખવાના રસ્તા શોધી રહી છે. સુપ્રીમ કોર્ટે રાજય સરકારને વધુ એક લપડાક લગાવી દીધાં છતાં એ જસ્ટિસ મહેતાનો ઘડોલાડવો કરવાના એનાં કાર્યક્રમમાં પાછી પાની કરવા તૈયાર નથી. કર્ણાટકમાં લોકાયુક્ત મામલે મુખ્યમંત્રીની સર્વોપરિતાનો સ્વીકાર કરાયેલો હોવાના મુદ્દે ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં ‘ક્યુરેટિવ એપ્લિકેશન’નો અંતિમ નિર્ણય વિકલ્પ અપનાવી લેવાનો નિર્ણય કર્યો છે. આ રાજહઠ નથી તો બીજું શું છે? ઉભય પક્ષે રાજહઠનું વરવું પ્રદર્શન નિહાળી રહેલી દેશની પ્રજામાં બેઉ પાર્ટીઓ વિશે નકારાત્મક સંદેશ જઇ રહ્યો છે, તે કહેવાની જરૂર ખરી? કરોડો રૂપિયાના કહેવાતા ભ્રષ્ટાચારને છાવરવા માગતી રાજય સરકાર એક ‘શુધ્ધ’ ન્યાયમૂર્તિને લોકાયુક્ત પદ પર સહન કરી લેવા સહમત નથી અને સામે પક્ષે પેલા ‘શુધ્ધ ન્યાયમૂર્તિ’ મૂંગે મોંએ બધો તાલ જોયા કરે છે પણ ‘ધૂળ પડી તમારા પદમાં એટલું કહી’ ગૌરવભેર ખસી જવાનો નિર્ણય જાહેર કરી શકતા નથી. બેઉની તકરારમાં ફજેતી તો ગરવી ગુજરાતની જ થઇ રહી છે.

# સે-૨૬ પોલીટેકનીક કોલેજમાં નવું બિલ્ડીંગ બાંધવામાં આવશે

## રૂ. ૫.૯૦ કરોડનો ખર્ચ ટૂંકમાં કામ શરૂ થશે

ગાંધીનગર, તા.૧૬

શહેરમાં સે-૨૬ સ્થિત સરકારી પોલીટેકનીક કોલેજમાં રૂ. ૫.૯૦ કરોડના ખર્ચે નવીન બિલ્ડીંગ બાંધવાનું કામ હાથ ધરાશે. આ કામગીરી અન્વયે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાતા ટૂંકમાં કામ શરુ કરી દેવાશે.

ટેકનીકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે કાર્યરત સે-૨૬ સ્થિત પોલીટેકનીક કોલેજમાં સ્ટુડન્ટસને યોગ્ય સુવિધા પૂરી પાડવા નવું બિલ્ડીંગ બાંધવામાં આવનાર છે. કોલેજ કોમ્પસમાં નવું બિલ્ડીંગ બાંધવા પાટનગર યોજના વિભાગ દ્વારા અગાઉ વિભાગને દરખાસ્ત મોકલવામાં આવી હતી. જેને મંજુરી અપાયા બાદ હવે નવું બિલ્ડીંગ બાંધવા કામ શરૂ કરાશે. વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર કોલેજ કેમ્પસમાં રૂ. ૫.૯૦ કરોડના ખર્ચે ગ્રાઉન્ડ પ્લસ વન તે મુજબની પેટર્ન પર આધુનિક બિલ્ડીંગ બાંધવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓને અનુલક્ષી વિવિધ રૂમો બનાવાશે. આ ઉપરાંત તેમાં જરુરી સુવિધાઓ પણ ઉભી કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ કામગીરી સંદર્ભે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી દેવામાં આવી છે. જયારે ટૂંકમાં કામ પણ શરુ કરી દેવાશે.



ભાઈને કશું નથી થયું... પેપરમાં પેટ્રોલના ભાવ ૨ રૂપિયા ઘટ્યો તે ન્યૂઝનો આનંદ - આઘાત લાગ્યો લાગે છે.

# ધ અન અસેબલ-૨૦૧૩ કાર્યક્રમ ૧૯મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત એસ.વી. ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સંસ્થા અને ઓ.એન.જી.સી. અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯મી માર્ચ-૨૦૧૩ના રોજ મહેસાણા જિલ્લાના કડી ખાતેના એસ.વી.આઈ.એમ. કેમ્પસમાં ‘ધ અન અસેબલ-૨૦૧૩ એન્ડ પ્લેસમેન્ટ બ્રોશર લોન્ચ’ કાર્યક્રમ યોજાશે.

ધ અન અસેબલ-૨૦૧૩ એન્ડ પ્લેસમેન્ટ બ્રોશર લોન્ચ કાર્યક્રમમાં ઓ.એન.જી.સી.ના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર અનિલ જોહરી, ફિલ્મ ડાયરેક્ટર પ્રહલાદ કાકર, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ અને ડાયરેક્ટર ડી.ટી. કાપડીયા ખાસ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સમર પ્રોજેક્ટ કોમ્પિટીશન, પોસ્ટર સ્પર્ધા, ગૃપ ડિસ્કશન, મૂવી બેઝ મેનેજમેન્ટ લેશન, ગેઈન, ફેશન શો વગેરે કાર્યક્રમો યોજાશે.

# ધોરણ ૧૦ પરીક્ષામાં ૩૦થી વધારે કોપી કેસ નોંધાઈ ગયા

## ગેરરીતિ અટકાવવાના બોર્ડના દાવા છતાંય કાપલીઓની ધૂમ :કાપલીઓ કરવાનુ પ્રમાણ ઘટવાના બદલે વધી ગયુ

અમદાવાદ, તા.૧૬

ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા આજે પૂર્ણ થઈ. એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા પૂર્ણ થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. પરંતુ આ બોર્ડની પરીક્ષા સાથે ફરીથી બોર્ડની કાર્યપદ્ધતિઓ પર સવાલ ઉભા થવા લાગ્યા છે. કારણ કે બોર્ડના અનેક પ્રયત્નો છતાં રાજ્યમાં વિદ્યાર્થીઓએ કાપલીઓ કરવાના પ્રમાણમાં ઘટાડો થવાની જગ્યાએ વધારો થતો જોવા મળ્યો હતો. રાજ્યમાં ગેરરીતિના કેસ તો ૩૦ જ તોળાય છે. પરંતુ સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં મોટાપાયે ગીરરીતિ થતી હોવાના કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે.

બોર્ડની પરીક્ષા શરૂ થવા પહેલા બોર્ડ દ્વારા ગેરરીતિને અટકાવવા માટે ખાસ એક્શન પ્લાન બનાવવામાં આવ્યો હતો જેમાં સ્કવોર્ડની ટીમને ત્રણ ઝોનમાં વહેંચીને તેમને તાલીમ પણ અપાઈ હતી. આ ઉપરાંત પરીક્ષા કેન્દ્રોએ સીસીટીવી કેમેરા જેવા નવતર પ્રયોગ પણ કરવામાં આવ્યા હતા અને આ વખતે ગેરરીતિના પ્રમાણમાં ઘટાડો આવસે તેવી આશા વ્યક્ત કરાઈ રહી હતી. જો કે બોર્ડના આ દાવાથી વિપરીત બોર્ડના પરીક્ષામાં સામાન્ય કરતા વધુ પ્રમાણમાં ગેરરીતિ આચરાઈ હોવાનું બહાર આવ્યું છે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં વિધર્થીઓએ મોટાપાયે માઈક્રો કોપીઓનો ઉપયોગ કર્યો હતો. અને દરેક પેપરમાં વિદ્યાર્થીઓ મોટા પ્રમાણમાં કાપલીઓ લઈને પરીક્ષા આપવા જતા હતા. જેમાં અમદાવાદ પૂર્વ અને ગ્રામ્ય વિસ્તારોમાં તો મોટાપાયે ગેરરીતિ આચરાઈ રહી હોવાની બુમો પણ સાંભળવા મળી હતી. કેટલાક ગ્રામ્ય વિસ્તારોાં તો સુપરવાઈઝરો દ્વારા વિદ્યાર્થીઓને કાપલી કરવા છુટછાટ આપવામાં આવી હતી. એટલું જ નહીં સુપરવાઈઝરો પોતાના લાગતા વળગતા વિદ્યાર્થીઓને હેતુલક્ષી પ્રશ્નો અને વ્યાકરણના પ્રશ્નોના જવાબો પણ લખાવતા હતા. અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં પરીક્ષા આપી રહેલ એક વિદ્યાર્થીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતુ કે અમે પરીક્ષા ખંડમાં અપેક્ષિતની માઈક્રો કોપીઓ લઈને જતા હતા. પરીક્ષા ખંડમાં સુપરવાઈઝર ગેટ પર પહેરો રાખતા અને વિદ્યાર્થીઓ કાપલી કરી પેપર લખતા. જો સ્કવોર્ડ આવવાનું હોય તો સુપરવાઈઝર દ્વારા વિદ્યાર્થીઓને ઈશારો કરતા કાપલીઓ કરવાની બંધ કરી દેવામાં આવતી. આમ બોર્ડના એક્શન પ્લાન અને ગેરરીતિ અટકાવવાના અનેક દાવાઓ છતાં ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષામાં મોટાપાયે કાપલીઓ થઈ હોવાની વિગતો મળી રહી છે. જો કે બોર્ડ માત્ર ૩૦ વિદ્યાર્થીઓ ઉપર જ કોપી કેસ કરીને ગેરરીતિનું પ્રમાણ ઘટ્યુ હોવાનું રટણ કરી રહ્યુ છે.

# મોચી સમાજના જ્ઞાતિબંધુએ ઓ.બી.સી.ના મળતા લાભ માટે સૌરભ સંસ્થાનો સંપર્ક કરવો

ગાંધીનગર, તા. ૧૬

સમસ્ત જણસરી સમાજ સેવા સંસ્થાન-સૌરભના કન્વીનર મહેન્દ્ર ચૌહાણે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે મોચી સમાજને મળતા ઓ.બી.સી.ના લાભો તથા અમદાવાદ, રાજકોટ, નડીયાદ, સુરત અને ગાંધીનગરના જીવનસાથી પસંદગી મેળાની બુકની નકલ મેળવવા માટે તેઓએ સેક્ટર-૧૪માં પ્રમુખ-૧૭૯/૨, મહાત્મા મંદિર પાસે, ગાંધીનગરનો સંપર્ક કરવો.

સૌરભ સમસ્ત જણસારી મોચી સમાજના જ્ઞાતિજનોએ ઓ.બી.સી.ના લાભો બાબતે, અમદાવાદ, રાજકોટ, નડીયાદ, સુરત, ગાંધીનગર ખાતેના જીવનસાથી પસંદગી મેળાની બુકની નકલ બાબતે સમાજના માસિકોના લવાજમ, સમાચાર, શુભેચ્છા ભેટ માટે તથા જાગા સ્વામી ભવન માટે કન્વીનર મહેન્દ્ર ચૌહાણનો મો. નં. ૯૪૨૭૦૫૬૮૪૫ પર સંપર્ક કરવો એમ જણાવ્યું છે.

# સીબીએસઇ દ્વારા યુ ટ્યુબ ઉપર લીંક ચેનલ બનાવાઈ

અમદાવાદ, તા.૧૬

સીબીએસઈ દ્વારા કરવામાં આવતી તમામ પ્રકારની એક્ટિવીટ હવે યુટ્યુબ પર જોવા મળશે. દેસના લોકોને પણ તમામ સીબીએસઈ સ્કૂલોમાં થતી એક્ટિવીટી એક જ પ્લેટફોર્મ અથવા લીંક પર જોવા મળે તે ઉદ્દેશ્યથી સીબીએસઈ દ્વારા યુટ્યુબ પર પોતાની લીંક ચેનલ બનાવવામાં આવી છે જેના પર વિદ્યાર્થીઓ પોતાની એક્ટીવીટીની ૧૦ મીનીટની ક્લિપિંગ અપલોડ કરી શકશે. આ અંગેની સત્તાવાર જાહેરાત પણ કરી દેવામાં આવી છે.સ્કૂલની એક્ટિવીટી યુટ્યુબ ઉપર અપલોડ કરવા માટે દેશના ઈતિહાસમાં પ્રથમ વકત સીબીએસઈ દ્વારા લીંક ચેનલ બનાવવામાં આવી છે. દેશની તમામ સીબીએસઈ સ્કૂલોને નોટિફિકેશન મોકલીને જાણ પણ કરી દેવામાં આવી છે. જેથી હવે વિદ્યાર્થીઓ પોતાની એક્ટિવીટીની સ્કીપીંગ સીબીએસઈ બોર્ડને મેલ પર મોકલી શકે છે. નિર્ધારિત ક્રાઈટેરિયાના મોકલવામાં આવેલ વીડિયોને બોર્ડ માત્ર ક્વોલિટી કન્ટેન્ટ ચેક કરીને પોતાની ઓફિશિયલ લિંક પર શેર કરી દેશે. આમાં પસંદગી જેવી કોઈ બાબતને સામેલ કરવામાં નહીં આવે. માત્ર સમાજિક અને શૈક્ષણિક કન્ટેટને જ મુકવામાં આવશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ સ્કૂલ વીડિયોને સીડી અથવા ડીવીડીમાં અપલોડ કરીને પોસ્ટ દ્વારા પણ મોકલી શકે છે. આ ઉપરાંત જો વિદ્યાર્થીઓ પોતાના પ્સનલ એકાઉટ પર વીડિયો અપલોડ કરાવે તો તેની લિંગ પણ બોર્ડની ચેનલ પર અપલોડ કરી શકશે.

આ માટે વિદ્યાર્થીએ મોકલેલ વીડિયો ૧૦ મીનીટથી વધારે સમયનો ન હોવો જોઈએ. આ ઉપરાંત શોર્ટ પિલ્મ, રોલપ્લે, ટોક, ડિસ્કશન, ડિલેટ્સ, પ્રેજન્ટેશન અને અન્ય એક્ટિવીટીને પણ સામલે કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓ વીડિયો મોકલતા પહેલા તેમાં એડીટીંગ પણ કરી શકશે. ઉલ્લેખનીય છે કે આ યુટ્યુબ લીંકના કારણે વિદ્યાર્થીઓની પ્રવૃત્તિને વધુ એક્સપોઝર મળશે.

# ગાંધીનગરની આદર્શ નિવાસી શાળા ખાતે આત્મન્ સંસ્થા દ્વારા ચિત્ર-વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

વિવિધ શાળાના વિદ્યાર્થીઓને વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવાના હેતુથી આત્મન ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા અનેકવિધ કાર્યક્રમોનું આયોજન



કરવામાં આવે છે. તાજેતરમાં આદર્શ નિવાસી શાળા (અનુસૂચિત જાતિ, કન્યા), સેક્ટર-૧૩ ખાતે આત્મન ફાઉન્ડેશન દ્વારા શીઘ્ર ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિત્ર સ્પર્ધામાં-૪૩ અને વક્તૃત્વ સ્પર્ધામાં ૧૧ વિદ્યાર્થીનિઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે જાણીતા ચિંતક અને કેળવણીકાર શ્રી જ્યોતિબહેન થાનકી તેમજ સ્માર્ટ એકેડેમીના ડૉ. શ્રી કલ્યાણસિંહ ચંપાવતે વિદ્યાર્થિનિઓને અભ્યાસલક્ષી તેમજ જીવનલક્ષી વકતવ્યથી પ્રોત્સાહિત કરી હતી. જ્યોતિબહેન થાનકીએ વિશ્વના મહાનુભાવોના ઉદાહરણો આપી જીવનમાં સ્વપ્ર-ધ્યેય, વિચાર-એકાગ્રતા, કાર્ય-પુરુષાર્થના ગુણો વિકસાવવા મનનીય શીખ આપી હતી. કલ્યાણસિંહ ચંપાવતે વક્તૃત્વ કલા તેમજ અભ્યાસ-પરીક્ષા માટે તૈયારીની માહિતી આપી હતી.

વક્તૃત્વ અને ચિત્ર સ્પર્ધામાં વિજેતા બનેલ વિદ્યાર્થિનીઓને સર્વશ્રી જ્યોતિબહેન થાનકી, ડૉ. કલ્યાણસિંહ ચંપાવત, આત્મનના પ્રમુખ શ્રી સી.એલ. મહેતા, શાળાનાં આચાર્યા શ્રી કુસુમબેન ચૌહાણના હસ્તે ઈનામો આપવામાં આવ્યા હતા. સંસ્થા તરફથી ભાગ લેનાર તમામ વિદ્યાર્થિનિઓને પ્રતીક ભેટ આપવામાં આવી હતી. આત્મનના સર્વશ્રી ભરત કવિ, જયશ્રી ખેતિયા, રેખાબેન ભટ્ટ, પ્રજ્ઞા પટેલ, શાળાના શિક્ષકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

શીઘ્ર વક્તૃત્વમાં ડુંમર ધરા, પંચાલ, અરૂણા, શિલ્પા સોલંકી જ્યારે ચિત્ર સ્પર્ધામાં સર્વશ્રી અર્ચના બારૈયા, રાધિકા પરમાર, નિનામા રાધા, ચૌહાણ કાજલ, આશા સોલંકી, ગીતા કુમરકાણિયા વિજેતા બન્યા હતા.

# ‘માઈક્રો કોપી’ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ

અમદાવાદ, તા.૧૬

ધોરણ ૧૦ની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ ગેરરીતિ આચરવા માટે આ વખતે માઈક્રો કોપીની મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કર્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ અપેક્ષિતની માઈક્રો કોપીઓ બનાવી ક્લાસ રૂમમાં લઈ જતાં હતા અને પાટલીઓ નીચે કાપલીઓ છુપાવી રાખતા અને તક મળે કોપી કરી લેતા જોવા મળ્યા હતા. બોર્ડ દ્વારા પરીક્ષા કેનદ્રના ૧૦૦ મીટર વિસ્તારમાં ઝેરોક્ષ કેન્દ્ર ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો જો કે શહેરના તમામ ઝેરોક્ષ કેન્દ્ર પર બોર્ડની પરીક્ષા દરમિયાન મોટા પાયે માઈક્રો કોપીઓ બનાવવામાં આવી હોવાની વિગતો મળી રહી છે.

# યુપીએસસીની પરીક્ષાઓની તરાહ સામે વિરોધ અને યશભાગની ગાથા

## મ.પ્ર.ના મુખ્યમંત્રી શિવરાજસિંહ સૌ પ્રથમ જાગ્યા : ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સૌથી છેલ્લા !

(હરિ દેસાઈ),ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતીય લોક સેવા આયોગ (યુપીએસસી)ની પરીક્ષાઓ ગુજરાતીમાં લેવાય એવી આગ્રહભરી વિનંતી વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહને કરતો પત્ર લખ્યો. રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનું કથન સ્વીકારીએ તો ભારત સરકારે મુખ્યમંત્રી શ્રી મોદીના પત્રને ધ્યાને લઈને ગુજરાતીમાં પણ યુપીએસસીની પરીક્ષા લેવાય એ ચાલુ રાખ્યું અને અંગ્રેજી અથવા હિંદીમાં જ આઈએએસની પરીક્ષા લેવા અંગે યુપીએસસીએ બહાર પાડેલા જાહેરનામાનો અમલ મોકૂફ રખાયો.

ગુજરાતી પ્રજા સંતોષી છે. સરકારી જાહેરાતોમાં ભારે વિશ્વાસ ધરાવે છે. ત્રણ-ત્રણ વાર મુખ્યમંત્રી શ્રી મોદીને વિધાનસભામાં બહુમતી બક્ષે છે. મોહનદાસ કરમચંદ ગાંધી જેવો મહાન ગુજરાતી ‘સત્યને જ ઈશ્વર’ ગણીને રાષ્ટ્રપિતાના બિરુદને પામ્યો, પણ આજકાલ એ પોરબંદરમાં જન્મેલા મહામાનવ અને નડિયાદમાં જન્મેલા બીજા મહામાનવ સરદાર વલ્લભભાઈ પટેલને વીસારે પાડીને વારંવાર થતી જાહેરાતોમાં સત્યનાં દર્શન થતાં હોવાથી ઘટનાક્રમને રજૂ કરવો પડે છે : યુપીએસસી વર્ષ-૨૦૧૩ની સિવિલ સર્વિસીસ પરીક્ષા અંગેનું જાહેરનામુઃ ૦૪/૨૦૧૩-સીએસપી ગત ૫ માર્ચ-૨૦૧૩ના રોજ બહાર પાડ્યું. એની સામે વિરોધવંટોળ જગાવવાનું સૌપ્રથમ પગલું મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાંથી શિવસેનાએ લીધું. યુપીએસસી દ્વારા તમામ પ્રાદેશિક ભાષાઓને પરીક્ષામાંથી બાકાત કરીને માત્ર અંગ્રેજી અને હિંદી ભાષાને ઠોકી બેસાડવાની નવા જાહેરનામાની ઘોષિત નીતિ સામે વિરોધ નોંધાવવા માટે રાજ્યસભામાં શિવસેનાના જૂથનેતા અને ‘સામના’ દૈનિકના કાર્યકારી તંત્રી શ્રી સંજય રાઉત તથા લોકસભામાં શિવસેનાના નેતાશ્રી અનંત ગીતેના નેતૃત્વમાં શિવસેનાના સાંસદોનું પ્રતિનિધિમંડળ મંગળવાર, ૧૨ માર્ચે સંસદીય કાર્યમંત્રી શ્રી નારાયણ સામીને મળ્યું. એ પછી બુધવારે, ૧૩ માર્ચે તમિળનાડુનાં મુખ્યમંત્રી ડૉ. જે. જયલલિતાએ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહને વિરોધપત્ર લખીને માત્ર તામિળભાષીઓ જ નહીં, બંધારણના પરિશિષ્ટ-૮માં સામેલ તમામ પ્રાદેશિક ભાષાઓ બોલતી પ્રજાને યુપીએસસી થકી નવી પરીક્ષા પદ્ધતિને પરિણામે અન્યાય થતો હોવાથી આવી અન્યાયી, ભેદભાવયુક્ત પરીક્ષા પદ્ધતિને દૂર કરવા અનુરોધ કર્યો.

૧૩ માર્ચ-૨૦૧૩ લગી આટલા મહત્વના રાષ્ટ્રીય પ્રશ્ને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી કે ગુજરાતના કોઈ સાંસદે વિરોધ નોંધાવ્યાનું જાણમાં નથી. છેક ૧૪ માર્ચ-૨૦૧૩ની સાંજે એટલે કે ગુવારની સાંજે મુખ્યમંત્રી શ્રી મોદીએ ‘યુપીએસસીની સિવિલ સર્વિસીઝ એક્ઝામિનેશનમાં ગુજરાતી ભાષામાં પરીક્ષા આપવાના નિયમોમાં ફેરફાર કરવા સામે ઉગ્ર વિરોધ દર્શાવતા નરેન્દ્રભાઈ મોદી’ જેવા શીર્ષકવાળા સમાચાર ગુજરાત માહિતી ખાતાની વેબસાઈટ પર મુકાવીને વડાપ્રધાનને ‘આજે સાંજે’ (ગુરુવારે, ૧૪ માર્ચ ૨૦૧૩) પાઠવેલા પત્રની જાહેરાત કરાવી. ‘ગુજરાતી ભાષામાં પરીક્ષા આપવાની જોગવાઈ રદ કરવાથી ગુજરાતના હજારો યુવાનોનાં સપનાં રોળાઈ રહ્યાં છે. અને ‘આ લેંગ્વેજ બાયસ (ગુજરાતી ભાષા પ્રત્યેના પૂર્વગ્રહ)ને કારણે જેઓ માધ્યમિક સાળાઓમાં પ્રાદેસિક માધ્યમમાં ભણ્યા હોય અને કોલેજોમાં અંગ્રેજી માધ્યમમાં સ્નાતકની પરીક્ષા આપતા હોય તો પણ તેમની પાસે ઈંગ્લિશ લેંગ્વેજની પ્રોફિશિયન્સીનું લેવલ માતૃભાષા જેવું આપી શકે નહીં.’ એવું લખીને મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગુજરાતના ગરીબ, પછાત, દલિત અને આદિવાસી વિદ્યાર્થીઓ ઉપર તો આની તેમની કારકિર્દી ઘડતર ઉપર ખૂબ જ વિપરીત અસરો પડશે. શ્રી મોદી સનદી સેવાઓની ગુજરાતી ભાષામાં પરીક્ષા આપવા સામે પૂર્વગ્રહયુક્ત વલણનો વિરોધ કરીને હજારો ગુજરાતી વિદ્યાર્થીઓનાં રોળાઈ જાય નહીં એ માટે વડાપ્રધાનને દરમિયાનગીરી કરવા અનુરોધ કર્યો હતો.

મધ્યપ્રદેશના ભાજપી મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ પણ શ્રી મોદી કરતાં જ નહીં સૌથી વહેલા જાગ્યા. એમણે ૧૦ માર્ચ-૨૦૧૩ના રોજ વિરૂદ્ધમાં ટ્વિટ કર્યું એ પછી તમામ મુખ્યમંત્રીઓને યુપીએસસીની નવી પરીક્ષા પદ્ધતિના વિરોધમાં પત્ર લખીને એક ડગલું આગળ જવાનું પસંદ કર્યું. પોતે હિંદી ભાષી રાજ્યના મુખ્યમંત્રી હોવા ઉપરાંત ભાજપના વડાપ્રધાનપદના સંભવિત ઉમેદવાર તરીકે શ્રી મોદીની સ્પર્ધામાં હોવાથી અંગ્રેજીના ગુણ આઈએએસની પરીક્ષાના સ્કોરમાં ગણાય તે સામે એમણે વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહને પણ લખેલા પત્રમાં વિરોધ નોંધાવ્યો.

મોદીએ ૧૪ માર્ચની સાંજે વડાપ્રધાનને પત્ર લખ્યો. બીજા દિવસે એટલે કે ૧૫ માર્ચે બિહારના રાષ્ટ્રીય જનતા દળના નેતા શ્રી લાલુપ્રસાદ યાદવે લોકસભામાં યુપીએસસીની નવી તરાહની પરીક્ષાને ષડયંત્ર લેખાવતો વિરોધી સ્થગન પ્રસ્તાવ રજૂ કરીને ગૃહને માથે લીધું. એમની સાથે બીજા પક્ષોમાં ભાજપ, જેડી(યુ), શિવસેના સહિતનો ઉત્તર ભારત અને દક્ષિણ ભારતનાં પક્ષોના સાંસદો જોડાયા. કમનસીબે લોકસભામાં ગુજરાતના કોઈ સાંસદે વિરોધી અવાજ ઉઠાવ્યો નહીં. આખરે સંસદીય કાર્યમંત્રી શ્રી નારાયણ સામીએ યુપીએસસીના નવા જાહેરનામાના અમલને સ્થગિત રાખ્યાની ઘોષણા કરવી પડી. ‘સરકારે યુપીએસસીના તાજા જાહેરનામા સંદર્ભે માનનીય સભ્યો (સાંસદો)એ રજૂ કરેલા મતને ધ્યાને લીધો છે. સરકાર યુપીએસસીની બેઠક બોલાવશે અને આ મુદ્દાનો ઉકેલ લાવશે. દરમિયાન માનનીય સભ્યોના અભિપ્રાયનો ધ્યાનો લેતાં તાજેતરમાં યુપીએસસીએ બહાર પાડેલા જાહેરનામાનો અમલ સ્થગિત કરવામાં આવશે અને અત્યાર સુધી જે રીતે પરીક્ષાઓ લેવાતી હતી એ મુજબ ‘સ્ટેટસ કો આન્તે’ જાળવીને યુપીએસસીની પરીક્ષાઓ લેવાશે.’

લોકસભાની ૧૫ માર્ચની કાર્યવાહીની પાન-૨૮૮ પરની આ નોંધની ઘોષણા કેન્દ્રના મંત્રીશ્રી નારાયણ સામીએ કરી એનો યશ લેતાં મુખ્યમંત્રી શ્રી મોદીના વડાપ્રધાનશ્રીને પાઠવાયેલા પત્રનો પડઘો પડ્યાનો હરખ શિક્ષણમંત્રી શ્રી ચુડાસમો કર્યો, પણ કાયમ નંબર વન રહેવાના આગ્રહી મુખ્યમંત્રીશ્રી કમ સે કમ યુપીએસસીની પરીક્ષાઓના નવા જાહેરનામાના વિરોધમાં કોણ જાણે કેમ પાછળ રહ્યા એ સમજાતું નથી. એમના પક્ષના જ શિવરાજસિંહ સૌથી અગ્રેસર રહ્યા.